RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 205, Dt.16-11-2024 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# પોરબંદર બાદ હવે દિલ્હીમાં ૯૦૦ કરોડનું ડ્રગ્સ ઝડપાયુ

## નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોની કાર્યવાહીઃ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ઓપરેશનને બિરદાવી લખ્યું-ડ્રગ્સ સામે નિર્દયતા પૂર્વક ઝૂંબેશ ચાલુ રહેશે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (NCB) એ શુક્રવારે દિલ્હીમાં ૮૦ કિલોથી વધુ કોકેન જપ્ત કર્યું હતું, જેની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત લગભગ ૯૦૦ કરોડ રૂપિયા છે.

NCBએ પશ્ચિમ દિલ્હીના નાંગલોઈ અને જનકપુરી વિસ્તારમાંથી ૮૨ કિલોથી વધુ કોકેઈન જપ્ત કર્યું છે. આ કન્સાઈનમેન્ટ એક કુરિયર ઓફિસમાંથી જપ્ત કરવામાં આવ્યું હતું, જે ઓસ્ટ્રેલિયા મોકલવાનું હતું. આ કેસમાં બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જેઓ દિલ્હી અને સોનીપતના રહેવાસી છે. અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે માલસામાનને નબોટમ-ટુ-ટોપ અભિગમથ દ્વારા જપ્ત કરવામાં આવ્યો હતો અને ડ્રગ્સ સામેની ઝુંબેશ નનિર્દયતાથીથ ચાલુ રહેશે. તેમણે ફધ્ધી આ મોટી સફળતાની પ્રશંસા કરી હતી. aÂÁ અધિકારીઓના જણાવ્યા અનુસાર, આંતરરાષ્ટ્રીય બજારમાં જપ્ત કરાયેલા કોકેઈનની કિંમત અંદાજે ૯૦૦ કરોડ રૂપિયા છે. વિદેશી નેટવર્ક સાથે ડ્રગ સિન્ડિકેટનું કનેક્શન બહાર આવ્યું છે. આ પહેલીવાર નથી જ્યારે દિલ્હીમાં ડ્રગ્સનો આટલો મોટો કન્સાઈનમેન્ટ પકડાયો હોય. ૨ ઓક્ટોબરના રોજ, દક્ષિણ દિલ્હીના મહિપાલપુરમાં એક વેરહાઉસમાંથી ૫૬૦ કિલો કોકેન અને ૪૦ કિલો હાઈડ્રોપોનિક ગાંજો જપ્ત કરવામાં આવ્યો હતો. તેની કિંમત આશરે રૂ. ૫,૬૨૦ કરોડ આંકવામાં આવી હતી. આ કેસમાં કથિત માસ્ટરમાઈન્ડ તુષાર ગોયલની ધરપકડ કરવામાં આવી હતી, જે દિલ્હી કોંગ્રેસના છઝઈ સેલના અધ્યક્ષ હતા.

નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (NCB) એ શુક્રવારે દિલ્હીમાં ૮૦ કિલોથી વધુ કોકેન જપ્ત કર્યું હતું, જેની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત લગભગ ૯૦૦ કરોડ રૂપિયા છે. જ્યારે ગુજરાતમાં પણ ભારતીય



નૌકાદળ, ગુજરાત અઝજ અને NCBએ ગુજરાતના દરિયાકાંઠેથી ૭૦૦ કિલો મેથામ્ફેટામાઈન જપ્ત કર્યું હતું. આ કેસમાં આઠ ઈરાની નાગરિકોની ધરપકડ કરવામાં આવી છે. ગૃહમંત્રી અમિત શાહે આ મામલે ગઈઈને અભિનંદન પાઠવ્યા છે અને ડ્રગ્સ મુકત ભારત બનાવવાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. તેમણે કહ્યું કે એક જ દિવસમાં ગેરકાયદે ડ્રગ્સ સામે સતત બે મોટી સફળતાઓ ડ્રગ્સ મુક્ત ભારત માટે મોદી સરકારના સંકલ્પને પ્રતિબિંબિત કરે છે. NCBએ દિલ્હીમાં ૮૨.૫૩ કિલો હાઈ-ગ્રેડ કોકેઈન જપ્ત કર્યું હતું. NCBએ પશ્ચિમ દિલ્હીના નાંગલોઈ અને જનકપુરી વિસ્તારમાંથી ૮૨ કિલોથી વધુ કોકેઈન જપ્ત કર્યું છે. આ કન્સાઈનમેન્ટ એક કુરિયર ઓફિસમાંથી જપ્ત કરવામાં આવ્યું હતું, જે ઓસ્ટ્રેલિયા મોકલવાનું હતું. આ કેસમાં બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જેઓ દિલ્હી અને સોનીપતના રહેવાસી છે.

અમિત શાહે જણાવ્યું હતું કે માલસામાનને બોટમ-ટુ-ટોપ એપ્રોચ દ્વારા જપ્ત કરવામાં આવ્યો હતો અને ડ્રગ્સ સામેની ઝુંબેશ નિર્દયતાપૂર્વક ચાલુ રહેશે.

# દેવ દિવાળીએ કાશીના ઘાટો પર દીપગંગાનું અવતરણ

- **મુખ્યમંત્રી યોગી, ઉપરાષ્ટ્રપતિ ધનખડે દીપોત્સવનો આરંભ કર્યો**

**મુખ્ય સમાચાર, વારાણસી**

દેવાધિદેવ કાશીમાં બધા તીર્થ, બધા દેવતા અને ગંધર્વોનું સ્થાન છે. કાર્તિક પૂર્ણિમા સાથે જોડાયેલી માન્યતાઓ મુજબ દેવતાઓ આ દિવસે સ્વર્ગ લોકથી ધરતી પર ઉતરે છે.દેવતાઓના સ્વાગત માટે આ દિવસે ચંદ્ર આકાશને રોશનીથી ભરી દે છે તો કાશીવાસીઓ ધરતીને ઝળહળતા દીપોથી ઝગમગ કરી દે છે.

શુક્રવારે પણ આવુ જ દ્રશય સર્જાયુ હતુ. જયારે દેવ નદી ગંગાનાં બન્ને કિનારા પર



દીપમાળાઓની ગંગા પ્રવાહીત થઈ હતી. વિશ્વ પ્રસિધ્ધ કાશીની દેવ દિવાળીની પુરી દુનિયા આતુરતાથી રાહ જોઈ રહી હતી.

સાંજે ૬.૦૫ વાગ્યે નમો ઘાટ પર ઉપ રાષ્ટ્રપતિ જગદીશ ધનખડ તેમના પત્નિ ડો.સુદેશ ધનખડ, રાજયપાલ આનંદીબેન પટેલ, પેટ્રોલીયમ મંત્રી હરદીપસિંહ પુરી અને મુખ્યમંત્રી યોગી આદીત્યનાથે પાંચ-પાંચ દીવા પ્રગટાવીને મહોત્સવનો આરંભ કરાવ્યો હતો.આ તકે ગંગા આરતી બાદ ચેતસિંહ ઘાટ પર લેસર શોએ આકર્ષણ જગાવ્યુ હતું.

# ઝાંસીની હોસ્પિટલમાં ભયાનક આગ : ૧0 નવજાત શિશુઓનાં મોત

## ગઈ મોડી રાત્રે શિશુ વોર્ડમાં શોર્ટ સર્કિટને કારણે આગ : ૩૯ને બચાવી લેવાયાઃ મુખ્યમંત્રી યોગીએ આપ્યા તપાસના આદેશો : સહાયની જાહેરાત : ઘટના સ્થળે કરૂણ દ્રશ્યો : માતા-પરિવારજનોનું હૈયાફાટ રૂદન

**મુખ્ય સમાચાર, લખનૌ**

ઉતર પ્રદેશનાં ઝાંસીમાં સરકારી મેડીકલ કોલેજનાં બાળકોનાં વિભાગમાં ભયાનક આગ લાગતા ૧૦ નવજાત શિશુના મોત નિપજયા હતા. અંદાજીત ૪૦ બાળકોને રેસ્કયુ કરવામાં આવ્યા હતા.શોર્ટ સર્કીટથી આગ લાગી હોવાની શંકા વ્યકત થઈ રહી છે. મુખ્યમંત્રી યોગી આદીત્યનાથે તાબડતોબ તપાસ રીપોર્ટ આપવાનો આદેશ જાહેર કર્યો હતો અને મૃતકોનાં પરિવારોને પાંચ-પાંચ રૂપિયાની સહાય જાહેર કરી છે.

ઝાંસીમાં સરકાર સંચાલીત મહારાણી લક્ષ્મીબાઈ મેડીકલ હોસ્પીટલનાં આઈસીયુ વોર્ડમાં રાત્રે અચાનક આગ ફાટી નીકળી હતી.આગની જવાળા દેખાતા તાત્કાલીક આગ બુઝાવવાની કામગીરી કરવા ઉપરાંત વોર્ડમાં દાખલ બાળદર્દીઓને બચાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

સીનીયર અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. જીલ્લા કલેકટર અખિલેશકુમારે કહ્યું કે શોર્ટ સર્કીટથી આગ લાગ્યાની શંકા છે. દુર્ઘટના વખતે કુલ ૫૪ બાળકો દાખલ હતા. ૧૬ ને નાની મોટી ઈજા છે જયારે ૨૮ સંપૂર્ણ સુરક્ષીત છે.

હોસ્પીટલના આઈસીયુ વોર્ડમાં રાત્રે સવા દસ વાગ્યાનાં અરસામાં દુર્ઘટના બની હતી.આગ દેખાતા જ



નાસભાગની સ્થિતિ સર્જાઈ હતી. ૬ ફાયર ટેન્કરોએ બે કલાકની જહેમત બાદ આગ કાબુમાં લીધી હતી.

આગ બાદ નએલાર્મથ વાગ્યો ન હતો. પરિણામે રેસ્કયુ કામગીરીમાં ઢીલ થઈ હતી.ઓકસીજન કોન્સનટ્રેટરમાં આગને કારણે તે ઝડપથી પ્રસરી હતી. સમગ્ર જીલ્લામાં પ્રસુતી તથા બાળરોગ માટે આ મુખ્ય હોસ્પીટલ હતી.આગને પગલે નાસભાગ તથા પરિવારોનાં ઉશ્કેરાટને ધ્યાને રાખીને પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો આગ વચ્ચે બારીના કાચ તોડીને લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા.

આ ઘટના વિશે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે દુઃખ દર્શાવ્યુ હતું. ૧૨ કલાકમાં તપાસ રીપોર્ટ આપવાનો આદેશ કર્યો હતો મૃત બાળકોનાં પરિવારોને ૫-૫ લાખ તથા ઈજાગ્રસ્તોને ૫૦-૫૦ હજારની સહાય જાહેર કરી હતી.નાયબ મુખ્યમંત્રી બૃજેશ પાઠક તથા આરોગ્ય સચીવ પાર્થસારથી શર્માને દુઘર્ટના સ્થળે દોડાવ્યા હતા.

# પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ નોંધાયેલી રાજયની ૮૦૦ હોસ્પિટલોની તપાસ શરૂ

## ખ્યાતી હોસ્પિટલમાં ખોટા એન્જીયોપ્લાસ્ટીને પગલે ૨ વ્યક્તિઓના મોત થયા બાદ કાર્યવાહી

**મુખ્ય સમાચાર,અમદાવાદ**

અમદાવાદની ખ્યાતી મલ્ટી-સ્પેશિયાલિટી હોસ્પિટલમાં એન્જીયોપ્લાસ્ટી કરાવ્યા બાદ બે દર્દીઓના દુઃખદ મળત્યુ બાદ, રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા સંભવિત છેતરપિંડી કરતી હોસ્પિટલો સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. વિભાગે રાજ્યભરની લગભગ ૮૦૦ હોસ્પિટલોની તપાસ શરૂ કરી છે જેઓ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PMJAY) હેઠળ નોંધાયેલી છે.

સૂત્રો સૂચવે છે કે કાર્ડિયોલોજી, ઓર્થોપેડિક્સ, નિયોનેટોલોજી અને આંખની સર્જરીમાં વિશેષતા ધરાવતી હોસ્પિટલો છેતરપિંડી વિરોધી એકમ દ્વારા વિશેષ તપાસ હેઠળ હશે. ખ્યાતી હોસ્પિટલની ઘટનાએ PMJAY જેવી યોજનાઓમાંથી ભંડોળનો દાવો કરવા માટે કથિત રીતે દર્દીઓ પર બિનજરૂરી એન્જિયોગ્રાફી અને એન્જિયોપ્લાસ્ટી કરાવવાની કપટી પ્રથા પ્રકાશમાં લાવી હતી.બે દર્દીઓના મોત બાદ આરોગ્ય વિભાગે રાજયવ્યાપી તપાસના આદેશ આપ્યા હતા. તપાસ સમિતિના એક સૂત્રએ જણાવ્યું હતું કે, અમે ભૂતકાળના મેડિકલ કેમ્પ અને હોસ્પિટલના સંચાલકો અને ડોકટરો દ્વારા કરવામાં આવેલા ઓપરેશનની તપાસ કરી રહ્યા છીએ. રાજ્યની અન્ય હોસ્પિટલો દ્વારા પણ PMJAY યોજનાનો દુરુપયોગ થયો હોવાની શકયતા છે. તેથી, કાર્ડિયોલોજી, ઓર્થોપેડિક, આંખની સંભાળ અને નિયોનેટલ કેર હોસ્પિટલો પર ધ્યાન કેન્દ્રિત કરીને, PMJAY યોજના હેઠળ ૮૦૦ હોસ્પિટલોમાં નિરીક્ષણનો આદેશ આપવામાં આવ્યો છે. વિવિધ ક્ષેત્રોની તબક્કાવાર, જિલ્લાવાર તપાસ શરૂ કરવામાં આવી છે. ભૂતકાળમાં, આયુષ્માન કાર્ડ ધારકોને એકસાથે અનેક હોસ્પિટલમાં દાખલ થવાના કિસ્સા સામે આવ્યા છે.આ ઉપરાંત નકલી આયુષ્માન કાર્ડ ઈશ્યુ કરવા અંગે રાજકોટ અને જૂનાગઢમાં પોલીસ ફરિયાદો નોંધાઈ હતી. આયુષ્માન કાર્ડને લગતી અનિયમિતતાઓને સંબોધવા માટે સ્થપાયેલ એન્ટી ફ્રોડ




યુનિટ હવે ખ્યાતી હોસ્પિટલ જેવા કેસોની તપાસ કરી રહ્યું છે.અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે, ખ્યાતીના કૌભાંડના કિસ્સામાં, અમે મેડિકલ કેમ્પ, દર્દીની માહિતી અને હોસ્પિટલ દ્વારા હાથ ધરાયેલા ઓપરેશનની વિગતો મેળવી છે. અમે તમામ પુરાવા એકત્રિત કરી રહ્યા છીએ, જેમાં બે મળત દર્દીઓના પોસ્ટમોર્ટમ રિપોર્ટ્સનો સમાવેશ થાય છે, જેથી કોઈ પણ આરોપી ન્યાયથી બચી ન જાય. વધુમાં, આવી પ્રથાઓમાં સામેલ અન્ય હોસ્પિટલો સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

# પાકિસ્તાનના નનકાના સાહિબમાં હિન્દુ તીર્થયાત્રીની ગોળી મારીને હત્યા કરાઈ

**મુખ્ય સમાચાર,નનકાના સાહિબ**

પાકિસ્તાનના નનકાના સાહિબમાં એક હિન્દુ તીર્થયાત્રીની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. કહેવામાં આવી રહ્યું છે કે તે વ્યક્તિ ગુરુ નાનક દેવના ૫૫૫મા પ્રકાશ પર્વની ઉજવણીમાં ભાગ લેવા જઈ રહ્યો હતો. દરમિયાન, એક પાકિસ્તાની હિંદુ યાત્રાળુની લૂંટારાઓએ ગોળી મારીને હત્યા કરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, મૃતક સિંધ પ્રાંતના લરકાના શહેરનો વતની હતો, જેની ઓળખ રાજેશ કુમાર તરીકે થઈ છે. રાજેશ કુમાર પોતાના મિત્ર અને સંબંધી સાથે કારમાં લાહોરથી નનકાના સાહિબ જઈ રહ્યા




હતા. દરમિયાન, લાહોરથી લગભગ ૬૦ કિલોમીટર દૂર માનનવાલા-નનકાના સાહિબ રોડ પર ત્રણ લૂંટારાઓએ તેમનો રસ્તો રોકી દીધો હતો. ઘટના અંગે માહિતી આપતા પોલીસે જણાવ્યું હતું કે, બંદૂકધારીઓએ ત્રણેય પાસેથી ૪.૫ લાખ રૂપિયા અને ડ્રાઈવર પાસેથી ૧૦,૦૦૦ રૂપિયા છીનવી લીધા હતા. જ્યારે રાજેશ કુમારે તેનો વિરોધ કર્યો તો લૂંટારાઓએ તેના પર ગોળીબાર કર્યો અને ભાગી ગયા.

બુધવારે રાત્રે લૂંટ અને ગોળીબારની ઘટના બાદ રાજેશ કુમારને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ગુરુવારે તેમનું મૃત્યુ થયું હતું.

મૃતક રાજેશ કુમારના સંબંધીની ફરિયાદ પર પાકિસ્તાન પીનલ કોડની સંબંધિત કલમો હેઠળ અજાણ્યા લોકો વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. કે શુક્રવારે ગુરુદ્વારા જન્મસ્થાન નનકાના સાહિબમાં ગુરુ નાનક દેવજીના પ્રકાશ પર્વના મુખ્ય સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારતમાંથી ૨,૫૦૦ થી વધુ શીખો અને મોટી સંખ્યામાં સ્થાનિક અને વિદેશી ભક્તોએ પણ તેમાં ભાગ લીધો હતો.

# ૨૦૨૩ સુધીમાં ૫૦ ગીગાવોટ રિન્યુએબલ એનર્જી ક્ષમતા મેળવવા સરકારે કમર કસી

## વીજ મંત્રાલય સાથે પરામર્શ કરીને ટાસ્ક ફોર્સની રચના કરવાનો પ્રસ્તાવ મૂક્યો

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

સરકારે ૨૦૩૦ સુધીમાં ૫૦૦ ગીગાવોટ રિન્યુએબલ એનર્જી ક્ષમતા હાંસલ કરવાના ભારતના લક્ષ્યાંકને પૂર્ણ કરવા માટે વીજ મંત્રાલય સાથે પરામર્શ કરીને ટાસ્ક ફોર્સની રચના કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે.

કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશીએ શુક્રવારે આ જાણકારી આપી હતી.નવા અને પુનઃપ્રાપ્ય ઉર્જા મંત્રીએ ઉદ્યોગના ખેલાડીઓ અને હિતધારકોને પણ આવી વ્યૂહરચના તૈયાર કરવા કહ્યું છે. આ પહેલ દેશને આ લક્ષ્યને સમયબદ્ધ રીતે હાંસલ કરવામાં મદદ કરશે.

સમાચાર અનુસાર, નવી અને નવીનીકરણીય ઉર્જા મંત્રાલય (ખગછઊ) ભુવનેશ્વરમાં એક કાર્યક્રમમાં બોલતા, ૫૦૦ ঋষ্ঠ ટાર્ગેટને પહોંચી વળવા માટે તમામ હિતધારકોના પ્રયત્નોને સંરેખિત કરવા માટે પાવર મંત્રાલય સાથે પરામર્શ કરીને ટાસ્ક ફોર્સની રચનાનો પ્રસ્તાવ મૂક્યો હતો.

તેમણે કહ્યું કે, ભારતે બિન-અશ્મિભૂત ઈંધણ સ્ત્રોતોમાંથી ૨૧૨ ગીગાવોટ ઉર્જા પ્રાપ્ત કરી લીધી છે અને ૨૦૩૦ના લક્ષ્યાંકને વટાવી દેવાના ટ્રેક પર છે. સરકાર સ્વચ્છ ઉર્જા ક્ષેત્રમાં તકનીકી પ્રગતિ અને નવીનતાઓને



સમર્થન આપવાનું ચાલુ રાખશે.

દેશમાં સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતામાં નવીનીકરણીય ઉર્જાનો હિસ્સો ૪૬ ટકા સુધી પહોંચી ગયો છે. દેશમાં કુલ વીજળી ઉત્પાદન ક્ષમતા ૪૫૨.૬૯ ঋষ্ঠ છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે, દેશમાં રિન્યુએબલ એનર્જી ક્ષમતા ૨૦૦ ગીગાવોટ (એક ગીગાવોટ બરાબર ૧,૦૦૦ મેગાવોટ)ને પાર કરી ગઈ છે. ભારતની ક્ષમતા માત્ર એક વર્ષમાં ૨૪.૨ ঋষ্ঠ (૧૩.૫ ટકા) વધીને ઑક્ટોબર ૨૦૨૪માં ૨૦૩.૧૮ ঋষ্ঠ સુધી પહોંચી ગઈ છે.

# ગુજરાતનાં વિદ્યાર્થીઓને હવે અમેરિકન વિઝા ઈન્ટરવ્યુની તારીખો સરળતાથી મળી શકશે

**મુખ્ય સમાચાર,અમદાવાદ**

આ શિયાળામાં અમેરિકન સરકાર ગીફ્ટ લઈને આવી છે. ગુજરાતનાં વિદ્યાર્થીઓને હવે વિઝા ઈન્ટરવ્યુની તારીખો સરળતાથી મળી શકશે, જેનાથી ઘણાં વિદ્યાર્થીઓને નોંધપાત્ર ફાયદો થશે અને તણાવ ઘટશે.

ભારત અને ગુજરાતનાં સેંકડો વિદ્યાર્થીઓ દર વર્ષે અમેરિકન યુનિવર્સિટીઓમાં સ્નાતક અને માસ્ટર ડિગ્રીના અભ્યાસક્રમો માટે જાય છે. આ વર્ષે, યુએસ વિઝા માટે અરજી કરનારા ગુજરાતનાં વિદ્યાર્થીઓ ઈન્ટરવ્યુ માટે ખૂબ ઓછી રાહ જોઈ રહ્યાં છે.

અગાઉનાં વર્ષોમાં જ્યારે તારીખ નક્કી કરવી એ તણાવપૂર્ણ કાર્ય હતું. જેમાં અઠવાડિયા કે મહિનાઓ લાગી જતાં હતાં, પણ હવે સ્લોટ સરળતાથી ઉપલબ્ધ છે, જે મહત્વાકાંક્ષી વિદ્યાર્થીઓ અને વિઝા કન્સલ્ટન્ટને રાહત આપે છે. ૧૨ નવેમ્બરના રોજ, યુએસ એમ્બેસીએ સોશિયલ મીડિયા દ્વારા જાહેરાત કરી હતી કે શિયાળાનાં સેસન્સ માટે ભારતમાં ઘણાં ઈન્ટરવ્યુ સ્લોટ ઉપલબ્ધ છે. આંતરરાષ્ટ્રીય શિક્ષણ સપ્તાહ દરમિયાન આ વર્ષનાં શિયાળામાં વિદ્યાર્થીઓ માટે વિઝા ઈન્ટરવ્યુ આગામી સોમવારથી શરૂ કરવામાં આવશે. અમેરિકન એમ્બેસીએ સોશિયલ મીડિયા પોસ્ટ પર જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓ માટે હવે નવેમ્બર અને ડિસેમ્બર દરમિયાન સમગ્ર ભારતમાં હજારો એપોઈન્ટમેન્ટ ઉપલબ્ધ છે. પ્રથમ વખત અરજદારોને ઈન્ટરવ્યુ લેવાની તક મળી જાય પછી અમે અગાઉ નામંજૂર થયેલાં અરજદારો માટે પણ




સ્લોટ ખોલીશું .આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી અને ઈમિગ્રેશન કન્સલ્ટન્ટ કવિતા પરીખે જણાવ્યું હતું કે, યુએસએ આ વર્ષે વિદ્યાર્થીઓ માટે રેડ કાર્પેટ પાથર્યું છે. અગાઉનાં વર્ષોમાં, વિદ્યાર્થીઓએ સતત સ્લોટનું નિરીક્ષણ કરવું પડતું હતું, અને વિલંબને કારણે ઘણી વખત તેમની યોજનાઓમાં ફેરફાર કરવો પડતો હતો. આ વર્ષે, ઈન્ટરવ્યૂની તારીખ તાત્કાલિક મેળવી શકાય છે. તેમણે જણાવ્યું કે, માત્ર ટ્યુશન ફી જ યુએસ માટે અબજો ડોલરનો ઉદ્યોગ છે. વિદ્યાર્થીઓ રહેવાની જગ્યાઓ માટે અને અન્ય ઘણી જગ્યાએ નાણાં ખર્ચે છે, જેનાથી યુએસ અર્થતંત્રને વેગ મળે છે. વિઝા કન્સલ્ટન્ટ મૌલિન જોશીએ જણાવ્યું હતું કે, છેલ્લાં બે વર્ષથી વિઝા માટે લોટરી સિસ્ટમ હતી.

# ક્રિષ્નાપાર્ક સોસાયટીમાં ઘોડીપાસાના જુગારની મીની કલબ ઝડપાઈ



**મુખ્યસમાચાર,જામનગર**

જામનગરમાં ગુલાબ નગર નજીક ક્રિષ્ના પાર્ક સોસાયટીમાં રહેતા ફૈઝલ અબ્દુલભાઈ ખેરાણી નામના સુમરા શખ્સ દ્વારા પોતાના રહેણાંક મકાનમાં ઘોડીપાસાના જુગારની મીની કલબ ચલાવાઈ રહી છે અને ગુલાબ નગર સહિતના આસપાસના વિસ્તારમાંથી જુગારીયા તત્વોને બોલાવીને ઘોડીપાસાનો જુગાર રમાડવામાં આવી રહ્યો છે, તેવી બાતમી મળતા કઈઈ સ્ટાફના દિલીપ તલાવડીયા, હિતેન્દ્રસિંહ જાડેજા અને કાસમભાઈ અને કઈઈ ની ટુકડીએ ગઈકાલે મોડી રાત્રે દરોડો પાડયો હતો.જે દરોડા દરમિયાન ઉપરોક્ત રહેણાંક મકાનમાં મકાન માલિક સહિત ૧૧ જેટલા શખ્સો ઘોડીપાસા વડે હારજીતનો જુગાર રમી રહેલા નજરે પડયા હતા. આથી પોલીસે મકાન માલિક ફૈઝલ અબ્દુલભાઈ ખેરાણી, હાસમભાઈ ગુલામભાઈ જીવરાણી, રહીમ ઈબ્રાહીમભાઈખીરા, સરફરાજભાઈ અબ્બાસભાઈ કોચલીયા, અરુણ નાથાભાઈ પરમાર, અબ્દુલ યુસુફભાઈ ખફી, શાહબાજ અલ્તાફભાઈ ખીરા, મહેન્દ્ર કેશુભાઈ મકવાણા, સોહિલ અલારખાભાઈ હીરા, અહમદ ઈકબાલભાઈ શેખ, તેમજ ઈમરાન અનવરભાઈ ખેરાણી વગેરેની અટકાયત કરી લીધી હતી. આ ઉપરાંત પોલીસે બનાવના સ્થળેથી રૂપિયા ૬૯,૨૦૦ની રોકડ રકમ, ચાર નંગ મોબાઈલ ફોન અને ચાર મોટર સાયકલ સહિત ૨,૪૫,૭૦૦ ની મુદામાલ કબજે કડી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# મોરબીના લજાઈ પાસે ઉમા સંસ્કારધામનું લોકાર્પણ: જયસુખભાઈ પટેલની મોદક તુલા

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીના લજાઈ ગામ પાસે ઉમા સંસ્કારધામનું નિર્માણ કરવામાં આવ્યું છે જેમાં ઉમિયા માતાજીનું મંદિર તથા લગ્ન માટેની તમામ વ્યવસ્થાઓને ઉપલબ્ધ કરવામાં આવી છે અને પાટીદાર પરિવારના દીકરા -દીકરીઓના લગ્ન ત્યાં નજીવામાં ખર્ચમાં થઈ શકે તે પ્રકારની આખી વ્યવસ્થા દાતાઓના સહકારથી ઉભી કરવામાં આવી છે .

જેનું લોકાર્પણ કરવામાં આવ્યું છે અને ત્યારે ૪૫૧ દાતાઓના સન્માન સાથે વિશેષ સન્માન જયસુખભાઈ પટેલનું કરવામાં આવ્યું હતું જેમાં તેની મોદક તુલા કરવામાં આવી હતી અને તે મોદકનો પ્રસાદ પાટીદાર સમાજના દરેક ઘર સુધી પહોંચે તે પ્રકારની વ્યવસ્થા કડવા પાટીદાર કન્યા કેળવણી મંડળ દ્વારા ગોઠવવામાં આવી છે.

વર્તમાન સમયમાં મોંઘવારીના કારણે લગ્નના ખર્ચ દિવસને દિવસે વધી રહ્યા છે ત્યારે પાટીદાર સમાજ દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી મોરબી માળિયા વિસ્તારની અંદર સમૂહ લગ્ન



કરાવવામાં આવે છે તે ઉપરાંત છેલ્લા બે વર્ષથી ઘડિયા લગ્નની વ્યવસ્થા પણ ઊભી કરવામાં આવી છે જોકે સમૂહ લગ્ન અને ઘડિયા લગ્નની બદલે પાટીદાર સમાજના નબળા અને મધ્યમ વર્ગના પરિવારોને પણ ધામધૂમથી તેના દીકરા અને દીકરાઓના લગ્ન થાય તે માટે પાટીદાર સમાજના દાતાઓના સહકારથી લજાઈ ગામ પાસે ઉમા સંસ્કારધામ નું નિર્માણ કરવામાં આવ્યું છે અને ત્યાં ઉમિયા માતાજીનું મંદિર તથા વર તથા કન્યા એમ બંને પક્ષોના ૧૦૦ - ૧૦૦ વ્યક્તિઓને ત્યાં બોલાવીને ધામધૂમથી લગ્ન કરાવી આપવામાં આવે તેવી વ્યવસ્થા ઊભી કરાઈ છે અને આટલું જ નહીં પરંતુ ત્યાં જે દીકરીના લગ્ન કરાવવામાં આવશે તે દીકરી ને પાટીદાર સમાજના દાતાઓના સહકારથી ૬૫,૦૦૦ નો કરિયાવર પણ આપવા માટેનું અત્યારથી જ આયોજન કરવામાં આવ્યું છે

ગઈકાલે આ સમગ્ર વ્યવસ્થાનું લોકાર્પણ કરવાનું હતું ત્યારે પાટીદાર સમાજના અગ્રણીઓ રાજકીય અને સામાજિક અગ્રણીઓ ત્યાં હાજર રહ્યા હતા અને તેમની હાજરીમાં પાટીદાર સમાજના કોઈપણ કાર્યની અંદર ખુલ્લા હાથે દાન આપતા દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ તકે મોરબી સહિત સમગ્ર સૌરાષ્ટ્ર ગુજરાતમાં ભામાશા તરીકે જાણીતા સ્વર્ગસ્થ ઓ.આર. પટેલનું વિશેષ સન્માન મોરબી કડવા પાટીદાર કન્યા કેળવણી મંડળ દ્વારા કરવાનું હોય તેઓ હયાત ન હોય તેમના મોટા દીકરા પ્રવીણભાઈ ઓધવજીભાઈ પટેલનું સન્માન કરવાનું હતું પરંતુ તેઓની નાદુરસ્ત તબિયતના કારણે તે કાર્યક્રમમાં હાજર ન હોવાથી આ તકે જયસુખભાઈ ઓધવજીભાઈ પટેલની મોદક તુલના કરીને વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું અને હાલમાં જે ૭૫ કિલો મોદકથી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, જયસુખભાઈ પટેલનો ૭૫ કિલો વજન હોય તેટલો મોટો મોદક બનાવ્યો હતો અને હવે તે મોદકને ૭૫ મણ મોદકની અંદર મિક્સ કરીને પાટીદાર સમાજના જે મોરબી તથા આસપાસના વિસ્તારમાં ૬૦,૦૦૦ જેટલા પરિવારો રહે છે .તે દરેક ઘર સુધી આ મોદકનો પ્રસાદ પહોંચે તેવી વ્યવસ્થા કરવામાં આવશે. તેવુ સંસ્થાના પ્રમુખ બેચરભાઈ હોથી, ઉપપ્રમુખ ત્રંબકભાઈ ફેફરે અને એ.કે.પટેલે માહિતી આપતા જણાવ્યુ હતુ. અને હાલમાં ઓછા ખર્ચે ધામધૂમથી પાટીદાર સમાજની દીકરી અને દીકરાના લગ્ન થઈ શકે તેવી જે વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે તેનો પાટીદાર સમાજના લોકો વધુમાં વધુ લાભ લે તેવી લાગણી સમાજના રાજકીય અને સામાજિક અગ્રણીઓ તથા દાતાઓએ વ્યક્ત કરી હતી.

સંસ્કાર, શિક્ષણ અને આરોગ્યની આ તમામ સેવાપ્રવૃત્તિઓ માટે ધનરાશી અર્પણ કરતાં ૪૫૧ જેટલા દાતાઓનું ઉમા સંસ્કાર ધામનો ખેસ પહેરાવી સ્મૃતિ ચિહ્નન અર્પણ કરીને મહાનુભાવોના વરદ હસ્તે સન્માન કરાયું હતું. આ કાર્યક્રમમાં ઉમિયા ધામ ઊંઝાના પ્રમુખ બાબુભાઈ જે.પટેલના અધ્યક્ષ સ્થાન હતું.

તે ઉપરાંત મહા મંડલેશ્વર ૧૦૦૮ શિવરામદાસજી, ભાણદેવજી મહારાજ, દામજી ભગત તેમજ સિદસર ઉમિયા ધામના પ્રમુખ જેરામભાઈ વાંસજાળીયા, રાજકોટના સાંસદ પરસોતમભાઈ રૂપાલા, માજી સાંસદ મોહનભાઈ કુંડારીયા, ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયા અને દુર્લભજીભાઈ દેથરીયા, મોરબી જિલ્લા કોંગ્રેસના પ્રમુખ કિશોરભાઈ ચીખલીયા, માજી ધારાસભ્ય લાલતિભાઈ કગથરા સહિતના રાજકીય અને સામાજિક આગેવાનો તેમજ અને આસપાસના ગામોમાંથી લોકો બહોળી સંખ્યામાં આ કાર્યક્રમમાં જોડાયા હતા.

# ગીર સોમનાથ જિલ્લામાં રાજકોટની રીક્ષા ગેંગ ઝડપાઈ

## પાંચ મહિલા, અને પુરૂષ ૩ રિક્ષા- દાગીના મળી કુલ ૩.૦૫ લાખના મુદામાલ સાથે પકડાયા

**મુખ્યસમાચાર,વેરાવળ**

કોઈપણ ધાર્મિક જગ્યાની આજુબાજુના વિસ્તારમાં પોતાની ઓટોરીક્ષા લઈને રિક્ષા ગેંગના સભ્યો સાથે મળીને વૃધ્ધ મહીલા કે જેઓ ચાલીને જતી હોય તેઓને ટારગેટ બનાવી પેસેન્જર તરીકે રીક્ષામાં બેસાડી નજર ચુકવી ચેઈન સ્નેચીંગ તથા ચેન સેરવી લેતા હોય તેવી ફરિયાદના આધારે એલસીબી પોલીસે સીસીટીવીના આધારે રિક્ષા ગેંગના રાજકોટના ૯ લોકોને રાજકોટના થોરાળામાંથી ઝડપી લઈ ૩ રિક્ષા અને સોનાના દાગીના મળી કુલ.૩.૦૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. ગત તા.૨૮મીએ વેરાવળના સરસ્વતીબેન ગોવિંદભાઈ વાઘેલા ટેલીફોન એકસચેંજ પાસેથી કોઈ અજાણ્યા ઓટોરીક્ષા ચાલક પુરૂષ ડ્રાઈવર તથા રીક્ષામાં પાછળના ભાગે બેઠેલ બે અજાણી મહીલાઓએ પોતાની રીક્ષામાં બેસાડી હરસિધ્ધી આઈસક્રીમ પાસે ઉતારીને રસ્તામાં વચ્ચે ફરીના ગળામાં રહેલ આશરે દોઢેક તોલાનો ચેઈન જેની કિંમત રૂ.૯૬,૦૦૦ ની ચીલઝડપ કરીને નાસી ગયા હતા. જે બાબતે વેરાવળ પોલીસમા ગુનો નોંધાયો હતો..એલ.સી. બી.ના ઈન્ચાર્જ પીઆઈ એ.બી.જાડેજાના માર્ગદર્શન મુજબ એલ.સી.બી.ની અલગ અલગ ટીમો બનાવી ખાનગી બાતમીદારો. સી.સી.ટીવી કેમેરા,ટેકનીકલ એનાલીસીસ તેમજ હ્યુમન સોર્સીસના આધારે મળેલ બાતમી હકીકત આધારે રાજકોટના કિશોર ઉર્ફે કિશન છગનભાઈ તરશીભાઈ ચારોલીયા, અરવિંદ ઉર્ફે



કની પોલાભાઈ ગોવિંદભાઈ કાનજિયા, આકાશ ધીરૂભાઈ રામસીંગભાઈ સોલંકી, અજીત દેવાભાઈ ગાંડુભાઈ સોલંકી, પ્રભાબેન ઉર્ફે બાડી કિશનભાઈ દેવાભાઈ સોલંકી, જનાબેન અજીતભાઈ દેવાભાઈ સોલંકી,કોમલ અરવિંદ ઉર્ફે કની પોલાભાઈ કાનજિયા, જયાબેન રામસીંગભાઈ ઓધડભાઈ સોલંકી, મીનાબેન જીવનભાઈ ભીખાભાઈ સોલંકીને ઝડપી લીધા હતા. પકડાયેલા આરોપીઓ ગુન્હાહિત ઈતિહાસ ધરાવે છે. દસ દિવસ પહેલા ભાવનગરમાંથી બે ચેનની ચોરી કર્યાની કબુલાત આપી હતી.

# ઉપલેટામાં ૬ વર્ષ પહેલા ચકચારી પાર્સલ બૉંબના ગુનામાં આરોપી નિર્દોષ

## ક્રિષ્ના સ્કૂલમાંથી મળેલા બ્લ્યુ ડાર્ટ કુરિયર મારફતે આરોપીએ પાર્સલ મોકલાવ્યું'તું

**મુખ્ય સમાચાર, ઉપલેટા**

ઉપલેટામાં વર્ષ ૨૦૧૮ માં મળી આવેલ ચકચારી બોમ્બ કાંડમાં ચાલી રહેલ કેસમાં આરોપીનો નિર્દોષ છુટકારો થયો છે. જેમાં પાર્સલમાં આવેલી ગિફ્ટ અને લેટર અંગેની શંકા ગયા બાદ પાર્સલે એમ જ છોડી દેવામાં આવ્યું હતું અને આ બાબતે ક્રિષ્ના સ્કૂલના વદાભ ડોબરીયાએ પોલીસને જાણ કરી હતી જે બાદ સ્થાનિક તેમજ જિલ્લા પોલીસ અને બોમ્બની ટીમ દોડી આવી હતી ત્યારે મળી આવેલ બોમ્બના સેલ સહિતની ચીજ વસ્તુઓ પોલીસે કબજે કરી હતી અને જેમાં આ મામલામાં પોલીસ ફરિયાદ પણ નોંધવામાં આવી હતી જે બાદ આ અંગેનો કેસ કોર્ટમાં ચાલી જતાં આરોપી નાથા ડોબરીયાને નિર્દોષ છોડવામાં આવ્યો છે. ઉપલેટામાં તારીખ ૧૬-૧૦-૨૦૧૮ ના રોજ ઉપલેટામાં આવેલ વડાભભાઈ રત્નાભાઈ ડોબરીયાની ક્રિષ્ના સ્કૂલમાં બ્લ્યુ ડાર્ટ કુરિયર મારફત એક પાર્સલ આવેલ અને સાથે જ એક લેટર પણ આવેલ હતો જેમાં આ લેટરમાં લખ્યું હતું કે, સહપરિવાર ગીફટ બોકસ ખોલવા તે લેટરમાં લખાયેલું હતું ૫ પરંતુ વલ્લભભાઈ ડોબરીયાને શંકા જતા ! તેણે તે બોકસ સ્કૂલ બહાર ઝાડ નીચે રાખી દીધેલ હતું અને બાદમાં આ અંગે સ્થાનિક ઉપલેટા પોલીસને બોલાવતા ઉપલેટા પોલીસ દ્વારા રાજકોટથી બોમ્બ ડીસ્પોઝલ સ્કવોડો ભોલાવાયેલ અને સ્કવોડ દ્વારા તપાસ કરાતા તે બોકસમાં ભોમ્બ કે જેમાં નવ નંગ ડીટોનેટર સાથે હોવાનું જણાતાં અતિ ગંભિર એકસપ્લોઝીવ હોવાનું જણાતાં બોમ્બ સ્કવોડ દ્વારા તે પાર્સલને સલામત જગ્યાએ લઈ જઈ તેનો નાશ કરાયેલો હતો. બાદમાં પોલીસે આ મામલે ઊંડાણપૂર્વક તપાસ કરી ફરિયાદીના નજીકના કૌટુંબિક એવા નાથાભાઈ



રવજીભાઈ ડોબરીયા કે જેઓને વઠલ્લભભાઈ ડોબરીયા સાથે ક્રિષ્ના સ્કૂલની મિલકત ભાબતે દિવાની તકરારો ચાલુ હતી તેઓને અટકાયત કાર અને હસ્તાક્ષર નિષ્ણાંતનાં અહેવાલ તથા બેલાસ્ટિક એકસપર્ટનાં અભિપ્રાય મેળવી ચાર્જશીટ ધોરાજીની સેશન્સ કોર્ટમાં ચાલે તે માટે રજૂ કરવામાં આવી હતી. શૈક્ષણિક સંકુલમાં જાનના જોખમરૂપ બોમ્બ વણસ્પોં પડયો રહ્યો હતો. એમાં ગમે તે ક્ષણે બ્લાસ્ટ થઈ શક્યો હોત અને જો બ્લાસ્ટ થયો હોત તો જાનહાનિ પણ નિશ્ચિત જ હતી, પરંતુ બોમ્બ બનાવવામાં રહી ગયેલી નાનકડી ક્ષતિ અને શાળામાં ચાલતું નવરાત્રિ વેકેશનના કારણસર જે તે સમયે ૨૮૦ જેટલાં વિદ્યાર્થીઓ પરથી સદભાગ્યે પાત ટળી હતી.

આ કેસમાં પોલીસે બોમ્બ બ્લાસ્ટના કેસમાં યોગ્ય રીતે તપાસ નહીં થતા આરોપીનો નિર્દોપ છુટકારો થયો હોવાનું તારણ સામે આવ્યું છે ત્યારે આ મામલે ઉપલેટામાં જે ચકચારિત ભોમ્બ બ્લાસ્ટ કેસ હતો તેનો અંત આવ્યો છે.

# શ્રી બાલાજી હનુમાનજી મંદિર ખાતે બાલાજી હનુમાનજી મહારાજને પોપટ સાથે ઝીપસો ગુલાબના દિવ્ય શણગાર કરાયા





(તસ્વીરઃ આનંદ જાવિયા)

રાજકોટ વાસીઓના દુઃખ દુર કરતા દાદા સાળંગપુર નિવાસી મહાપ્રતાપી શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજનું બાળ સ્વરૂપ એટલે મહાપ્રતાપી શ્રી બાલાજી હનુમાનજી મહારાજ તેમના દિવ્ય સાનિધ્યમાં આજે હજારો ભાવિકો દર્શનાથે પધારશે , આજના શનિવારના પવિત્ર દિવસે બાલાજી દાદાને પોપટ સાથે ઝીપસો ગુલાબના અદભુત અલૌકિક અને દિવ્ય શણગાર કરવામાં આવ્યા છે , જેના દર્શન કરી ભક્તો ભાવવિભોર બન્યા છે , આ રાજકોટનું સૌથી વધારે ભીડ વાળું મંદિર છે આજ પચાસ હજાર થી પણ વધારે ભક્તો દાદાના શરણે આવશે અને ધન્યતાની અનુભૂતિ કરશે , આજની શણગાર આરતીમાં બહોળી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા, દાદાની શણગાર આરતીનો દિવ્ય અલભ્ય લાભ લીધો હતો જે તસવીરમાં નજરે પડે છે.

# ટંકારા પાસે કાર ચાલકે રીક્ષાને ઠોકરે ચડાવતા ચાલક સહિત ત્રણને ઈજા

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી તાલુકાના બરવાળા ગામે રહેતા રણજીતભાઈ ગણેશભાઈ ડાભી ઉવ.૩૭ રીક્ષા ચલાવી પોતાના પરિવારનો જીવન નિર્વાહ ચલાવે છે ત્યારે ગઈ તા. ૧૦/ ૧૧ ના રોજ રણજીતભાઈ પોતાના નિત્યક્રમનુસાર પોતાની સીએનજી રીક્ષા રજી.નં.જીજે-૩૬-ડબલ્યુ- ૨૧૭૦ લઈને પેસેન્જરોના ફેરા કરતા હોય ત્યારે ટંકારાની લજાઈ ચોકડીથી પેસેન્જર ભરીને મોરબી નવા બસ સ્ટેન્ડ જઈ રહ્યા હતા તે દરમિયાન વિરપર ગામ નજીક સફેદ કલરની ફોરવ્હીલના ચાલકે પોતાની કાર ફૂલસ્પીડમાં અને ગફલતભરી રીતે ચલાવી આવી સીએનજી રીક્ષાને પાછળથી જોરદાર ટક્કર મારી અકસ્માત સર્જી અજાણ્યો કાર ચાલક પોતાની કાર લઈને નાસી ગયો હતો, ત્યારે અકસ્માતની ઘટનામાં રીક્ષા રોડ વચ્ચેના ડિવાઈડરમાં લગાવેલ પતરા સાથે ભટકાઈ હતી.

અકસ્માત બાદ રીક્ષા ચાલક તથા બે પેસેન્જરોને ૧૦૮ મારફત મોરબી સરકારી હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડાયા હતા, જ્યાંથી ઈજાગ્રસ્ત ત્રણ પૈકી એકને પગમાં ગંભીર ઈજાઓ હોય જેથી તેને રાજકોટ રીફર કરવામાં આવ્યો હતો જ્યાં સારવાર દરમિયાન પેસેન્જરનો પગ કાપવાની ફરજ પડી હતી. જ્યારે મોરબી સારવારમાં રહેલ રીક્ષા ચાલકને માથામાં ટાંકા તેમજ ઢીંચણના ભાગે ફ્રેકચર તથા અન્ય પેસેન્જરને માથામાં તથા શરીરે ઈજાઓ પહોંચી હતી, સમગ્ર અકસ્માત મામલે સારવારમાં રહેલ રીક્ષા ચાલક રણજીતભાઈ દ્વારા અજાણી સફેદ કારના ચાલક સામે ફરિયાદ નોંધાવતા ટંકારા પોલીસે ગુનો દાખલ કરી આરોપી અજાણી સફેદ કારના ચાલકને પકડી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

# શો-રૂમમાં વીજઆંચકો લાગતા યુવકનું મોત

જામનગર નજીકના હાપા ખાતે એક શોરૂમમાં યુવાનને ઈલેક્ટ્રીક શોક લાગતા યુવાનનું મોત નિપજ્યાનું સામે આવ્યું છે. આ બનાવ અંગે પોલીસે ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે. જામનગર શહેરના અખાડા ચોકમાં રહેતાં જલાલખાન નિઝારખાન બ્લોચ (ઉ.વ.૨૧) નામનો યુવાન શહેર નજીક આવેલા હાપા ખાતે એક શોરૂમમાં નોકરી કરતો હતો. દરમિયાન ગટ તા.૧૩ના રોજ નોકરી દરમિયાન તેને શોરૂમ ખાતે જ ઈલેક્ટ્રીક કરંટ લાગ્યો હતો. જેથી તેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના ડોકટરને યુવાનને મૃત જાહેર કર્યો હતો. આ બનાવ અંગે મૃતકના પિતા નિઝારખાન મહોબ્બતખાન બ્લોચે પોલીસમાં જાણ કરતાં બેડી મરીન સ્ટાફે મોત અંગેની નોંધી કરી આગળની તપાસ હાથ ધરી છે.

# થ્રેસરમાં ચુંદડી ફસાવાના લીધે સગીરાનું મોત

જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના લૈયારા ગામની વાડી વિસ્તારમાં એક કરૂણ ઘટના બની હતી જેમાં ધૂળનું તગારૂં લેવા ગયેલ એક ૧૫ વર્ષની પરપ્રાંતિય સગીરાની ચૂંદડી મગફળી કાઢવાના થ્રેસરમાં આવી જતાં સગીરાનું ગળે ટુંપો લાગી જવાથી ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું.ધ્રોલ પોલીસ મથકેથી આ કરૂણ બનાવની જાણવા મળતી વધુ વિગત અનુસાર, મૂળ મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના વતની બાનુભાઈ વસુનિયા કે જેઓ હાલ પોતાના પરિવાર સાથે ધ્રોલ તાલુકાના લૈયારા ગામે ભરતભાઈ બાવજીભાઈ તરપદાની વાડીમાં રહીને ખેત મજૂરી કામ કરતા હતાં. દરમિયાન ગઈકાલે તેઓ રમેશભાઈ માવજીભાઈ વડોદરિયાની વાડીએ ખેતમજૂરીના કામ અર્થે ગયા હતાં.જ્યાં બાનુભાઈ વસુનિયાની ૧૫ વર્ષની પુત્રી અનિતા કે જે મગફળીના થ્રેસરમાંથી નિળકતા ધૂળના તગારા સારવાનું કામ કરી રહી હતી. દરમિયાન ધૂળનું તગારૂં લેવા જતાં અનિતાની ચૂંદડી થ્રેસર મશીનમાં આવી ગઈ હતી અને પુલીમાં વીંટાઈ જવાથી સગીરાનું ગળે ટૂંપો આવી ગયો હતો. સમગ્ર ઘટનાને લઈને ૧૦૮ ને જાણ કરવામાં આવી હતી. જેમાં ૧૦૮ ની ટીમ ઘટના સ્થળે પહોંચીને તપાસ કરે ત્યાં સુધીમાં સગીરાનું મોત નીપજ્યું હતું. આ બનાવને લઈને શ્રમિક પરિવારમાં શોકનો માહોલ છવાયો હતો.આ બનાવ અંગે મૃતકના ભાઈ સતિષભાઈ વસુનીયાએ પોલીસને જાણ કરતાં ધ્રોલ પોલીસ સ્ટેશનના પોલીસ હેડ કોન્સ્ટેબલ ડી.પી. વઘોરા બનાવના સ્થળે પહોંચી ગયા હતા અને મૃતદેહનો કબ્જા સંભાળી પીએમ સહિતની કાર્યવાહી કરાવી આગળની તપાસ હાથ ધરી.

# મોરબીમાં પંચમુખી હનુમાનજી એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા રાહતદરે ચોપડા તથા પાઠ્ય પુસ્તકોનું વિતરણ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી-૨ ના વેજીટેબલ રોડ ઉઓર આવેલ શ્રી પંચમુખી હનુમાનજી એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા મોરબીના તમામ વિદ્યાર્થીઓને રાહત દરે શૈક્ષણિક સહાય પુરી પડી શકે તે હેતુથી ૯ દિવસની સમય મર્યાદામાં પંચમુખી હનુમાનજી મંદિર ખાતે ફૂલસ્કેપ ચોપડા તેમજ પાઠ્યપુસ્તકો અને સ્ટેશનરીની સાધન સામગ્રીનું એકદમ રાહતદરે વિતરણ કરવામાં આવશે.

મોરબીમાં સામાકાંઠા વિસ્તારમાં આવેલ વેજીટેબલ રોડ ઉપર શ્રી પંચમુખી હનુમાનજી એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટની એક યાદીમાં જણાવ્યા અનુસાર મોરબીની જાહેર જનતાના લાભાર્થે રાહતદરે ફુલસ્કેપ ચોપડાનું વિતરણ તા.૧૬/૧૧ થઈ શરૂ કરી રહ્યા છે. દરેક સ્કૂલના બીજા સત્રના પાઠ્યપુસ્તક, સ્વાધ્યાય પોથી, નવનીત, ક્લાસમેટ, વિઝન વગેરે કંપનીની નોટબુક, ફોરલાઈન, ચેકસ લાઈન, સિંગલ લાઈન, ટુ લાઈન નોટબૂકો રાહત દરે મળશે. આ માટે વહેલા તે પહેલાના ધોરણે વિતરણ તા.૧૬/૧૧ થી ૨૪/૧૧ સુધી કરવાના આવનાર છે. આ સિવાય સ્ટેશનરી સાધન સામગ્રીમાં પુઠાના રોલ, કંપાસ, સ્કૂલ-બેગ, વોટર બેગ, પેડ પાઉચ, સ્લેટ જેવી વિવિધ વસ્તુઓ પણ રાહતદરે મળી રહેશે.

વધુમાં યાદીમાં જણાવ્યા અનુસાર ઉપરોક્ત તમામ વસ્તુઓ નિર્ધારિત સમય મર્યાદામાં શ્રી પંચમુખી હનુમાનજી મંદિર વેજીટેબલ રોડ ઉમા સ્કૂલની સામે સવારના ૯.૩૦ થી સાંજના ૭ વાગ્યા સુધી મળી રહેશે તેમ ટ્રસ્ટની જાહેર કરેલ યાદીમાં જણાવ્યું છે.

# નવસારી મરીન પોલીસના પીઆઈ આઈફોનની લાંચ લેતા એસીબીમાં ઝડપાયો

## છૂટક લાઈટ ડીઝલનું વેચાણ કરવું હોય તો મારો વ્યવહાર કરવો પડશે કહી વેપારી પાસે ૧.૪૪ લાખનો આઈફોન-૧૬ લાંચમાં માંગ્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**



ગુજરાતમાં પોલીસ અધિકારીઓ કામ કરાવવા માટે લોકો પાસેથી લાંચ માંગતા હોવાની અનેક ફરિયાદો સામે આવતી હોય છે.આવા લાંચિયા અધિકારીઓને એસીબી દ્વારા પકડી પાડી કડક કારવાહી કરવામાં આવે છે. ત્યારે નવસારી જિલ્લાના મરીન પોલીસ સ્ટેશનમાં પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા અધિકારીએ વેપારીને છૂટક લાઈટ ડીઝલનું વેચાણ કરવું હોય તો મારો વ્યવહાર કરવો પડશે કહી લાંચમાં પોણા દોઢ લાખનો એપ્પલ કંપનીનો મોબાઈલ માંગતા ફરિયાદીએ એસીબીનો સંપર્ક કરતા એસીબીએ છટકુ ગોઠવી પીઆઈને લાંચ લેતો રંગે હાથ પકડી પાડી ધરપકડ કરી હતી. વિગત મુજબ નવસારી જિલ્લામાં આવેલા ધોલાઈ બંદર ખાતે જતી બોટમાં વપરાતા છૂટક લાઈટ ડીઝલ ઓઈલના વેચાણનો પરવાનો જોઈતો હતો, જેથી ફરિયાદીને પીઆઈ દિનેશ જમનાદાસ કુબાવતે અસલ પરવાનો લઈને પોલીસ સ્ટેશન બોલાવ્યો હતો અને તેમજ છૂટક લાઈટ ડીઝલનું વેચાણ કરવું હોય તો મારો વ્યવહાર કરવો પડશે નહીતર ધંધો બંધ કરાવી દઈશ તેમ કહી ધમકી આપી હતી.

હાલમાં નવો લોન્ચ થયેલા એપ્પલ કંપનીનો આઈફોન ૧૬ ની તેમણે લાંચ તરીકે માંગ કરી હતી. પરંતુ ફરિયાદીએ લાંચ આપવા માંગતા ન હતા જેથી સીધા જ પહોંચી ગયા એસીબી કચેરી અને તેના આધારે છટકું ગોઠવાયું જે દરમિયાન પીઆઈ દિનેશ જમનાદાસ કુબાવતે ૧,૪૪,૯૦૦ કિંમતન નો આઈફોન સ્વીકાર્યો અને એસીબીએ તેને રંગે હાથ પકડી પાડી ધરપકડ કરી હતી.

પીઆઈ દિનેશ કુબાવત થોડા સમયમાં રિટાયર થવાના હતા પરંતુ લાંચ માંગતા જ એસીબીના છટકામાં આવી જતાં પોલીસ બેડામાં ચકચાર મચી જવા પામી છે. આ ટ્રેપમાં પોલીસ ઈન્સ્પેક્ટર બી.ડી રાઠવા એ કાર્યવાહી કરી હતી જેમાં સુપર વિઝન અધિકારી તરીકે આર આર ચૌધરી મદદનીશ નિયામક સુરત એકમ દ્વારા કાર્યવાહીમાં સહયોગ આપવામાં આવ્યો હતો.

# જામનગર સ્મશાન પાસેથી પોલીસે એક શખ્સને ૫૯ નંગ ઈંગ્લીશ દારૂની બોટલ સાથે પકડી પાડ્યો



જામનગર સ્મશાન પાસેથી પોલીસે એક શખ્સને ૫૯ નંગ ઈંગ્લીશ દારૂની બોટલ સાથે પકડી પાડ્યો હતો. જ્યારે બે શખ્સો નાસી છૂટતા તેમની શોધખોળ હાથ ધરવામાં આવી છે.શહેરના નાગેશ્વર રોડ ઉપર સ્મશાન પાસેથી દારૂની હેરાફેરી કરેલી રહેલાં દિવ્યરાજસિંહ જીતુભા પરમાર (ઉ.વ.૨૧, રહે.નાગેશ્વર રોડ, સ્મશાન પાસે, વિકાસ બેટરી વાળી ગલીમાં, જામનગર) નામના શખ્સને ઝડપી પાડ્યો હતો.જ્યારે બે નિતીન દેવશીભાઈ પરમાર (રહે.મહેશ્વરીવાસ, નાગનાથ ગેઈટ, જામનગર) અને લાલજી મનસુખભાઈ મકવાણા (રહે.નાગેશ્વર સ્મશાન પાસે, જામનગર) નામના બે શખ્સો નાશી ગયા હતાં. પોલીસે પકડાયેલા શખ્સ પાસેથી રૂ.૨૩,૬૦૦ ની ૫૯ નંગ ઈંગ્લીશ દારૂની બોટલો અને રૂ.૫૦૦૦ ની કિંમતનો એક મોબાઈલ સહિત કુલ રૂ.૨૮,૬૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પોલીસે દિવ્યરાજસિંહ પરમાર સામે પ્રોહિબીશનની કલમ હેઠળ ગુન્હો નોંધી અને નાશી ગયેલાં બન્ને શખ્સોને ઝડપી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસ દ્વારા ફરાર થયેલા બંને શખ્સોની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

# મોરબીમાં વ્યાજખોર ઈસમની પાસા તળે અટકાયત કરી સુરત જેલ હવાલે કરાયો



મોરબીમાં વારંવાર વ્યાજ વટાવના ગુનામાં પકડાયેલ ઈસમની અસામાજિક પ્રવૃત્તિ ઉપર રોક લગાવવા મોરબી જીલ્લા પોલીસે વ્યાજખોર ઈસમની પાસા તળે અટકાયત કરી તેને સુરતની લાજપોર જેલ હવાલે કરવામાં આવ્યો છે. મોરબીમાં ગેરકાયદેસરના ધંધાઓ અને અસામાજિક પ્રવૃતિઓ સાથે સંકળાયેલ ગુનેગારો સામે કડક કાર્યવાહી કરવા મોરબી જીલ્લા પોલીસ દ્વારા પાસા દરખાસ્ત તૈયાર કરી જીલ્લા મેજિસ્ટ્રેટ તરફ મોકલવામાં આવી હતી, ત્યારે મેજિસ્ટ્રેટ દ્વારા વારંવાર ગેરકાયદેસર વ્યાજ વટાવના ગુનાઓમાં સંડોવાયેલ આરોપી પારસ ઉર્ફે ભોલો મુકેશભાઈ જારીયા ઉવ.૨૬ રહે.રવાપર-ધુનડા રોડ રવાપર રેસિડેન્સી દેવવ્રત એપાર્ટમેન્ટ બ્લોક નં.૩૦૩ વાળા વિરુદ્ધ પાસા વોરંટ ઈસ્યુ કરાયું હતું, જે વોરંટ અન્વયે મોરબી સીટી એ ડિવિઝન પોલીસે ઉપરોક્ત આરોપીની પાસા એક્ટ તળે અટકાયત કરી તેને સુરત લાજપોર જેલ ખાતે મોકલી આપવામાં આવ્યો છે.

# રાજકોટમાં મોરારિબાપુની રામકથાનો આગામી શનિવારથી પ્રારંભ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સદભાવના વૃધ્ધાશ્રમ ચલાવવામાં આવે છે. આ વૃધ્ધાશ્રમમાં નાત-જાત કે ધર્મના ભેદભાવ વિના જરૂરીયાતવાળા વૃધ્ધોને, આદરભેર દાખલ કરી તમામ સુવિધાઓ વિનામુલ્યે આપવામાં આવે છે. વૃધ્ધાશ્રમમાં દાખલ થતાં વૃધ્ધો પાસેથી કોઈપણ પ્રકારનું ડોનેશન, ફી લેવામાં આવતી નથી. આ વૃધ્ધાશ્રમમાં હાલ ૬૫૦ જેટલા માવતરો પોતાની પાછોતરી જીંદગીની ટાઢક લઈ રહયાં છે. જેમાં ૨૦૦ જેટલા વડીલો તો ડાઈપર પર છે, પથારીવશ છે. સદભાવના વૃધ્ધાશ્રમ દ્વારા રાજકોટના જામનગર રોડ ઉપર આવેલા રામપર ગામ ખાતે ૩૦ એકર જગ્યામાં, પથારીવશ-નીરાધાર-લાચાર ૫૦૦૦ જેટલા વડીલોનો સમાવેશ થઈ શકે તેવું નવા વૃધ્ધાશ્રમનું નિર્માણ ૩૦૦ કરોડ રૂપીયાનાં ખર્ચે શરૂ થઈ રહયું છે. જેમાં મંદિર, અન્નપૂર્ણા ગૃહ,પુસ્તકાલય, કસરતના સાધનો, યોગા રૂમ, દવાખાનું, ગાર્ડન, કોમ્યુનીટી હોલ, બાગ બગીચા સહિતની તમામ સુવિધા પરિસરમાં જ મળી રહેશે. જેના લાભાર્થે અને સદભાવના વૃધ્ધાશ્રમ દ્વારા થઈ રહેલી વૃક્ષારોપણની પ્રવૃતિઓ અંગે આ રામકથા થઈ રહી છે. સદભાવના વૃધ્ધાશ્રમ દ્વારા પર્યાવરણ સંરક્ષણ ભાગરૂપે માત્ર વૃક્ષારોપણ જ નહી, વૃક્ષોનું જતન અને ઉછેર કરવામાં આવે છે, અત્યાર સુધીમાં ૩૦ લાખથી વધુ વૃક્ષોનું પીંજરા સાથે વાવેતર ગુજરાતમાં થઈ ચૂકયું છે તેમજ મીયાવાકી જંગલોના માધ્યમથી ૭૦ લાખ વૃક્ષો સાથે ૪૦૦ ટેન્કર,૪૦૦ ટ્રેકટર અને ૧૬૦૦ માણસનો પગારદાર સ્ટાફની મહેનતથી વાવવામાં આવ્યા છે.સમગ્ર ભારતમાં ૧૫૧ કરોડ વૃક્ષો વાવવાનો,ઉછેરવાનો સંસ્થાનો ધ્યેય છે. ગુગલ મેપ પરથી જયારે કોઈ સર્ચ કરે ત્યારે ગ્રીન ભારત દેખાવું જોઈએ. લોકોમાં વૃક્ષારોપણને લઈને જાગૃતિ આવે તે માટે પણ આ રામકથાનું આયોજન કરવામાં આવ્યું છે. દેશ - વિદેશથી સામાજિક અગ્રણીઓ, ઉદ્યોગપતિ, વેપારીઓ, રાજકીય અગ્રણીઓ, દાતાઓ, કાર્યકરો હાજર રહેશે. સમગ્રપણે નન ભૂતો ન ભવિષ્યતિથ પ્રકારનું દિવ્ય આયોજન કરવાનો પ્રયાસ છે.

૧૨ વર્ષના લાંબા સમયગાળા બાદ રાજકોટમાં રામકથા યોજાઈ રહી હોય તેને વધાવી લેવા માટે રાજકોટ જ નહીં પણ આખું ગુજરાત આતુર છે. આ કથામાં કયાંય પણ કચાશ ન રહી જાય અને શ્રોતાઓને નાની અમથી તકલીફ ન પડે તે માટે સદભાવના વૃદ્ધાશ્રમની ટીમ દ્વારા ચીવટતાપૂર્વક કામગીરીને પૂર્ણ કરવામાં આવી છે. વૈશ્વિક રામકથામાં શ્રોતાઓ આરામથી બેસીને કથાનું શ્રવણ કરી શકે તે માટે બે લાખ ચોરસફૂટ જગ્યામાં ત્રણ જર્મન ડોમ તૈયાર થઈ ગયો છે. રોજ ૧ લાખ લોકો કથા શ્રવણ કરશે અને ૫૦,૦૦૦ લોકો ભોજન પ્રસાદ લેશે. પૂ. મોરારિબાપુની સમગ્રપણે ૯૪૭મી રામકથા યોજાશે.

રેસકોર્સ પર મુખ્ય સ્ટેજ પર વ્યાસપીઠ બનાવવામાં આવી છે અને પૂ. મોરારિબાપૂના કટઆઉટ મુકવામાં આવ્યા છે. કથા પૂર્ણ થયા બાદ શ્રોતાઓ આરામથી ભોજનપ્રસાદ લઈ શકે તે માટે ૯૦ બાય ૧૮૦ ચોરસફૂટ જગ્યામાં રસોડું તૈયાર કરવામાં આવ્યું છે જ્યાં પ્રસાદ બનાવવામાં આવશે. જયારે ભોજન મંડપ ૯૦ બાય ૫૦૦ ચોરસફૂટનો બનાવાયો છે. જેના બે ડોમ તૈયાર કરવામાં આવ્યા છે. ખાસ કરીને વાહન પાર્કિંગને લઈને કોઈ અવ્યવસ્થા ન સર્જાય તે માટે ૧૫૦૦ જેટલી કાર તેમજ ૧૫,૦૦૦ ટુ- વ્હીલરનું પાર્કિંગ થઈ શકે તેવી વ્યવસ્થા પણ આયોજકો દ્વારા કરવામાં આવી છે. દેશ વિદેશમાંથી આવતા મહેમાનો માટે રહેવાની સુવિધા પણ કરવામાં આવી છે.

સૌરાષ્ટ્રનાં વિવિધ ગામો અને શહેરોમાંથી રાજકોટ વૈશ્વિક રામકથામાં ભાગ લેવા આવનાર શ્રાવકો માટે વિશેષ બસથી જોડાવવાની વ્યવસ્થા કરવામાં આવી છે. જેથી બધા લોકો લાભ લઈ શકે. બસ વ્યવસ્થા ૨૩ નવેમ્બરે બપોરે ૨-૩૦ વાગ્યે અને ૨૪ નવેમ્બરથી ૧ ડીસેમ્બર સુધી સવારે ૮-૩૦ વાગ્યાથી રાખવામાં આવી છે.

પૂ. મોરારીબાપુની સમગ્રપણે ૯૪૭મી રામકથા યોજાશે. પૂ. મોરારિબાપુ જોશ સાથે રામાયણના પાઠ કરે છે અને દરેક નાગરિકમાં ભારતીય સંસ્કૃતિનું સિંચન કરી રહ્યા છે. પૂ. બાપુ ગુજરાત બહાર જ નહીં પરંતુ ભારત બહાર વિદેશોમાં પણ રામાયણના પાઠ કરે છે. રાજકોટમાં યોજાનાર રામકથાની સૌથી મોટી ખાસિયત તો એ છે કે આ કથા સદભાવના વૃદ્ધાશ્રમનાં લાભાર્થે એટલે કે વૃક્ષો અને વડીલો માટે થઈ રહી છે. કથામાં વિદેશથી પણ હજારો રામકથા પ્રેમીઓ આવશે. રામકથા આપણા જીવનમાં આધ્યાત્મિકતા, માનવતા અને પ્રીતિનાં મૂલ્યોને સમજાવવાનું માધ્યમ છે. પૂ. બાપુનું કથન સરળ ભાષામાં અને હૃદયસ્પર્શી હોય છે, જે દરેક વયના લોકો માટે સમજવું સરળ હોય છે. પૂ. મોરારી બાપુ રામકથામાં રામાયણ અને અન્ય ભારતીય ગ્રંથોનો ઉલ્લેખ કરીને જીવનનાં મહત્વના સિદ્ધાંતો પ્રેમ અને સહિષ્ણુતા, ધર્મ અને કર્તવ્ય, માનવતા અને એકતા, અહિંસા અને શાંતિની સમજણ આપે છે. રામકથા સમાજમાં શ્રદ્ધા, વિશ્વાસ અને પ્રીતિની ભાવનાને પ્રોત્સાહિત કરે છે. રામકથામાં દર્શાવેલા પાત્રો અને ઘટનાઓ જીવનની સમસ્યાઓનો સામનો કરવા અને માનવતાની સેવા માટે પ્રેરણા આપે છે. પૂ. બાપુ દેશ વિદેશમાં કથાઓ કરે છે. પૂ. મોરારિબાપુની સૌ પ્રથમ વિદેશની સફર કેન્યાના નૈરોબીમાં ૧૯૭૬માં થઈ હતી તે સમયે બાપુની ઉંમર માત્ર ૩૦ વર્ષની હતી. પૂ. મોરારિબાપુએ સૌપ્રથમ માટીના બનેલા એક વ્યાસ પીઠ પર શ્રી રામનો ફોટો રાખીને પોતાનું સ્થાન ગ્રહણ કર્યું હતું અને શરુ શરુ માં તે જગ્યાએ એક પાણી પીવાની પરબ પાસે તરસ્યા લોકો પાણી પીવા આવતા તે લોકો બેસીને કથા સાંભળતા. આજે તે જગ્યાએ ગામના લોકોએ મળીને એક હનુમાન મંદિર બનાવ્યું છે અને તેને નામ આપ્યું છે નસ્ત્રરામ વાડીસ્ત્રસ્ત્ર. પૂ. મોરારિબાપુની પ્રસિધ્ધીનું પ્રમાણ મેળવવા માટેનો એક પ્રયાસ કરીએ તો કહેવાય છે કે તુલસીદાસ લિખિત રામચરિતમાનસ માં લગભગ ૧૦૦૦ થી વધુ શ્લોક છે અને દરેક શ્લોકમાં ૧૬ થી ૧૮ લાઈન છે. એટલે કે પૂ. મોરારિબાપુએ ૧૨ વર્ષની ઉંમરે ૧૫૦૦૦થી પણ વધુ લાઈનને યાદ કરીને કંઠસ્થ કરી હતી અને દરેક લાઈનને સમજી હતી. પૂ. મોરારિબાપુનું માનવું છે કે સ્વાસ્થ્ય, ભણતર અને ભોજન એ વિનામૂલ્યે મળે તો દુનિયાની કોઈ પણ મુસીબતને પહોંચી શકાય. આ ત્રણ જરૂરિયાતનો વેપાર ન થવો જોઈએ.

વૃક્ષો અને વડીલો બંને છાયા આપે છે. પરિવારમાં જયારે વડીલ હોય ત્યારે માથા પર તેમની છત્રછાયા હોય તેવો અનુભવ થાય છે અને વૃક્ષો પણ છાયા આપે છે. આ કથાનું આયોજન વૃક્ષો અને વડીલો માટે કરવામાં આવ્યું છે. અગાઉ રાજકોટમાં પૂ. મોરારિબાપુની સૌ પ્રથમ રામકથા ૧૯૭૬માં થઈ હતી ત્યારબાદ ૧૯૮૨, ૧૯૮૬ અને એ પછી ૧૯૯૮ માં માનસ મુદ્રિકા, ૨૦૦૭ માં માનસ વાલ્મિકી,૨૦૧૨ માં માનસ હરિહર નામે રામકથા યોજાઈ હતી. હવે ૧૨ વર્ષ બાદ રાજકોટમાં વૈશ્વિક રામકથા થઈ રહી છે. કથા દરમિયાન પર્યાવરણ જતન, જીવનમાં વૃક્ષોનું મહત્ત્વ અંગે સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. આ કથામાં જે પણ અનુદાન એકત્રિત થશે તે સદભાવના વૃદ્ધાશ્રમનાં વૃદ્ધોની સેવા-ચાકરી,નવા પરિસરના નિર્માણ અને વૃક્ષારોપણની પ્રવૃત્તિના વિકાસ માટે વાપરવામાં આવશે. જે કોઈ કથામાં આવશે તેને તુલસી સહિતના રોપા અને ચકલીના માળા, બર્ડ ફીડરનો પ્રસાદ પણ આપવામાં આવશે. રાજકોટમાં મીની અયોધ્યા સર્જાશે.

રેસકોર્સ ખાતે વૈશ્વિક રામકથાની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ૩ હજારથી વધુ કાર્યકરો સેવા આપી રહ્યા છે. વૈશ્વિક રામકથાની તૈયારી માટે રેસકોર્સ ખાતે જ કાર્યાલય શરૂ કરાયું છે. જે સવારથી લઈને રાત સુધી ધમધમે છે. સમગ્ર કથા મંડપને સીસીટીવી કેમેરા, હાઈ સીકયુરીટી, વિમા કવચથી સુરક્ષિત કરવામાં આવ્યું છે. ન્યુઝ ચેનલોમાં સમગ્ર કથાનું જીવંત પ્રસારણ કરાશે. સુંદર વ્યવસ્થા કરવાનું આયોજન શરૂ થઈ ગયું છે. આ સાથે અલગ-અલગ સમિતિના સ્વયંસેવકોએ પોતાની જવાબદારી ખુબજ કાળજી પૂર્વક નિભાવી આ પ્રસંગને એક ભવ્યાતિભવ્ય ઉત્સવ બનાવવા પ્રયાસ કરી રહ્યા છે. આશરે ૨૦૦ જેટલા રસોયા ઓ સેવા આપશે અને ૨૦૦ જેટલા ભોજન પીરસનારા સ્વયંસેવકો કાર્યરત રહેશે. અલૌકિક કથાનો રસપાન કરતા રામભક્તોની પ્રાથમિક જરૂરિયાતો જેવી કે પાથરણા ગાદલા, તકિયા, ખુરશી તેમજ પાણીની વ્યવસ્થા કરી તમામ પ્રકારની યોગ્ય ગોઠવણી કરવામાં આવી રહી છે તેમજ રામભક્તો અલૌકિક કથાનું રસપાન કરી શકે તે માટે અધ્યતન ઓડિયો વીડિયો સિસ્ટમની ગોઠવણી કરવામાં આવશે.


(તસ્વીરઃ આનંદ જાવિયા)

સદભાવના વૃદ્ધાશ્રમનાં માર્ગદર્શક, સંરક્ષક આંતરરાષ્ટ્રીય વિશ્વ હિન્દુ મહાસભાના કન્વિનર, સેક્રેટરી, ધર્માચાર્ય પરમાત્માનંદ સરસ્વતીજી જણાવે છે કે, રાજકોટની વૈશ્વિક રામકથા ભક્તિ, પ્રસાદ અને સેવાનો ત્રિવેણી સંગમ છે. સર્વધર્મ સમભાવ માટે આ શ્રેષ્ઠ મોકો છે. ૧૨ વર્ષ બાદ રાજકોટમાં યોજાઈ રહેલી પૂ. મોરારિબાપુની વૈશ્વિક રામકથામાં સૌ કોઈને જોડાવવા, પુણ્યના યજ્ઞમાં આહુતિ આપવા આહ્વાન છે. વૃદ્ધાશ્રમ એ આવકાર્ય વ્યવસ્થા નથી, પરંતુ રાજકોટ પરામકોટથ છે ત્યારે નિ:સંતાન, પથારીવશ, બીમારીથી પીડાતા વડીલો આંગણે આવે તો ના તો ન જ પડાય. રાજકોટ તો નસેવાનગરીથ છે. કદાચ સદભાવના વૃદ્ધાશ્રમનાં વિશાળ વૃક્ષારોપણનાં પગલે ઠેર ઠેર સારો વરસાદ વરસ્યો હોય તેવું પણ બને. વૃક્ષોએ તો પાણીનો વિકટ પ્રશ્ન સોલ્વ પણ કર્યો છે. સંસ્થાનો આખા ભારતમાં વૃક્ષો વાવવાનો સંકલ્પ સરાહનીય છે. વૃક્ષો અને વડીલોની સેવાર્થે થઈ રહેલ મહાન કાર્ય સમી પવૈશ્વિક રામકથાથમાં સૌ કોઈ તન, મન અને ધનથી સેવા આપતાં કટિબદ્ધ બને તે જરૂરી છે. કસરત, યોગ, પ્રાણાયમ પછી એક નવો યોગ છે જે સેવાયોગ છે.

અત્યારે માણસમાં સંપત્તિ આવી ગઈ છે પણ સમૃદ્ધિ આવી નથી, કોઈ માણસ બીજાના દુ:ખમાં દુખી ન થાય એ તો સમજ્યા પણ બીજાના સુખમાં સુખી થનારાઓની પણ સંખ્યા ઘટતી જાય છે. એવા સમયે આપણે એવું આશ્રમ બનાવીએ કે ભારતનાં સંતાનોને પોતાના માતા પિતાની સેવા કરવાની તો પ્રેરણા મળે જ પણ અન્યના માતા પિતાની પણ એ સેવા કરી શકે એવા એના સંસ્કાર બને.

વૈશ્વિક રામકથામાં સંતો, મહંતો સહિત વિવિધ મહાનુભાવો હાજરી આપશે. જેમાં ૨૩ નવેમ્બરે ભાગવત કથાકાર ભુપેન્દ્રભાઈ પંડ્યા, પ.પુ. કૃષ્ણમણી મહારાજ, રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી, ૨૬ નવેમ્બરે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, પ. પૂ. અવધેશાનંદજી મહારાજ, ૨૬ થી ૩૦ નવેમ્બર દરમિયાન પ. પૂ. ભાઈશ્રી રમેશભાઈ ઓઝા, પતંજલિ યોગ વિદ્યાપીઠનાં પ. પૂ. સ્વામી રામદેવજી, ૨૯ નવેમ્બરે વેદાંતી વિચારસરણીના પ્રખર પુરસ્કર્તા અને પ્રચારક પ. પૂ. ચિન્મયાનંદ સ્વામીજી, પ. પૂ. ગીતામનીષી સ્વામી જ્ઞાનાનંદજી, પ. પૂ. પદ્મશ્રી શ્રી દત્ત પદ્મનાભ પીઠ ગોવાના વર્તમાન પીઠાધીશ્વર પ. પૂ. સદગુરુ બ્રહ્મેશાનંદાચાર્યજી, એસ.જી.વી.પી ગુરુકુળ, અમદાવાદનાં પ. પૂ. માધવ પ્રિયદાસજી, બાઘેશ્વર ધામના પ. પૂ. ધીરેન્દ્ર શાસ્ત્રીજી, શ્રી એલ. વી સુબ્રમણ્યમ - પૂર્વ ચીફ સેક્રેટરી (આંધ્રપ્રદેશ સરકાર) સહિતનાઓ હાજરી આપશે. સત્ય,પ્રેમ અને કરુણાનો વૈશ્વિક સંદેશ આપનાર પૂ.મોરારી બાપુ રામચરિતમાનસનું ગાન કરવા સંવેદના અને સ્વીકારની પીઠીકા લઈ રાજકોટમાં પધારી રહ્યા છે. નસ્ત્ર૦ .૯? ૠપ૨ *ખ૦ૠ *?/ ૦ સ્ત્રસ્ત્ર નાતે રામકથાના આયોજિત પ્રેમયજ્ઞમાં પૂ.મોરારી બાપુના શ્રીમુખે રામકથાના શ્રવણનો લાભ બહોળી સંખ્યામાં લેવા સૌને જાહેર આમંત્રણ અપાયું છે.

વૃદ્ધ અને વૃક્ષ બંને છાયા આપે છે. રાજકોટમાં વડીલો અને વૃક્ષોનાં લાભાર્થે વૈશ્વિક રામકથા માનસ સદભાવનાનું આયોજન કરાયું છે. ૨૩ નવેમ્બરથી શરૂ થનારી આ કથાનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. વૈશ્વિક રામકથાની તૈયારી માટે હાલમાં ત્રણ હજાર કાર્યકર્તાઓની ફોજ તૈનાત છે. જેમાં ઉદ્યોગપતિ, વેપારીઓ, સીએ, ડોક્ટરો, વકીલો તેમજ દરેક સમાજના શ્રેષ્ઠીઓ, દરેક સ્તરનાં કાર્યકર્તાઓનો સમાવેશ થાય છે. વૈશ્વિક રામકથાની તૈયારી માટે રેસકોર્સ ખાતે જ કાર્યાલય શરૂ કરાયું છે. જે સવારથી લઈને રાત સુધી ધમધમે છે. સદભાવના વૃદ્ધાશ્રમ નાં લાભાર્થે તા.૨૩ નવેમ્બર-૨૦૨૪ સાંજે ૪ થી ૬:૩૦ સુધી અને ૨૪ નવેમ્બરથી તા. ૦૧ ડીસેમ્બર-૨૦૨૪ સુધી સવારે ૯ થી ૧:૩૦ વાગ્યા સુધી રેસકોર્સ ગ્રાઉન્ડ,રાજકોટ ખાતે વૈશ્વિક રામકથા યોજાનાર છે. વૈશ્વિક રામકથાની વિશેષ વિગતો માટે મો.૯૬૬૪૮૫૧૭૩૮ પર સંપર્ક કરવા સદભાવના વૃદ્ધાશ્રમની યાદીમાં જણાવાયું છે.

# સફળતા એટલે બીજું કાંઈ નહિ ભાગ્ય અને મહેનતનો ગુણાકાર : ડો રાજીવ મિશ્રા

- આગામી તારીખ પાંચજાન્યુઆરીના ડો મિશ્રા દ્વારા કર્મજ્ઞાન પર સરળ શબ્દોમાં જીવનને નવી દિશા અને દશા પ્રદાન કરતું સુંદર વક્તવ્ય નિઃશુલ્ક અપાશે



**મુખ્ય સમાચાર,રાજકોટ**

જીવન સુંદર છે કર્મજ્ઞાનના નિરંતર અભ્યાસ વડે તેને વધુમાં વધુ સુંદર બનાવી શકાય છે કર્મજ્ઞાનના અભ્યાસ વડે હતાશા અને નિરાશા જેવી કોઈ બાબત વ્યક્તિના જીવનમાં રહેતી નથી અને તેનું સમગ્ર જીવન આનંદથી ગુજરે છે આ વાત કર્મયોગી અને જાણીતા મોટીવેશન ગુરુ ડો રાજીવ મિશ્રાએ કરી હતી

રાજકોટના ઈવનિંગ પોસ્ટ જ્યુબેલી બાગ પાસે દર રવિવારે સવારે ૭:૪૦ થી ૮:૨૦ દરમિયાન કરમંડાની સુંદર વ્યાખ્યાન માળા બિલકુલ નિશુલ્ક યોજાય છે ડો મિશ્રા દ્વારા સરળ શબ્દોમાં કર્મજ્ઞાન પર વિસ્તૃત જાણકારી અને સમજણ આપવામાં આવે છે આ રવિવારે ભાગ્ય અને પુરુષાર્થ શું છે તેના વિશે સરળ શબ્દોમાં સમજ આપવામાં આવશે

આગામી તારીખ ૫ જાન્યુઆરી ૨૦૨૫ રવિવારના રોજ સવારે ૭:૦૦ થી ૯ દરમિયાન બે કલાક કર્મજ્ઞાન પર વિસ્તૃત જાણકારી પ્રદાન કરવામાં આવશે આ બે કલાકની વ્યાખ્યાનમાળા વ્યક્તિના જીવનમાં ચમત્કારિક બદલાવ કરી શકે છે આ કર્મજ્ઞાન ઉપરનો સેમિનાર તદ્દન નિઃશુલ્ક રહેશે પરંતુ આ માટે રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે આ રજીસ્ટ્રેશન આગામી તારીખ ૧ ડિસેમ્બરના રોજ શરૂ થશે વધુ વિગત તેમજ કર્મજ્ઞાનમાં જોડાવા માટે ડો રાજીવ મિશ્રા whatsapp નંબર ૮૫૧૧૮૨૯૦૦૨ નો સંપર્ક કરવો.

# શિયાળાની શરૂઆત થતાં જ રેસકોર્સ પર વોકિંગ કરનાર લોકોની સંખ્યા વધી



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં હવે ધીમે ધીમે શિયાળાની જમાવટ થઈ રહી હોય તેવુ વાતાવરણ સર્જાયુ છે. દરરોજ મોડી રાત્રીના અને વહેલી સવારના સમયે ઠંડકનો ચમકારો અનુભવાઈ રહયો છે. જેના કારણે રાત્રીના અને વહેલી સવારના સમયે શિયાળા જેવુ વાતાવરણ અનુભવાય છે. શિયાળાના પગરવ થતા જ શહેરના રિંગ રોડ પર વહેલી સવારે વોકિંગ કરનારની સંખ્યાદિન પ્રતિદિન વધી રહી છે તે જ રીતે એથેલેટીક ટ્રેક પર દોડનારા ની સંખ્યામાં પણ અનેક ગણો વધારો થયો છે ઉલ્લેખનીય છે કે શિયાળાની ઋતુ માં લોકોનું સ્વાસ્થ્ય નીરોગી રહે છે જેને લઈ સવારમાં વોકિંગ અને દોડવીર નું પ્રમાણ વધી જાય જો કે સૂર્યનારાયણના દર્શન થતાની સાથે જ વાતાવરણ હુંફાળુ થઈ જાય છે અને જેમ જેમ દિવસ પસાર થાય છે તેમ તેમ ગરમીની અસર વર્તાય છે.**

# સિવિલમાં જરૂરીયાતમંદ દર્દીઓ તેમજ થેલેસેમીયા પીડિત - બાળકોના લાભાર્થે રક્તદાન કેમ્પનું આયોજન



**મુખ્ય સમાચાર,રાજકોટ**

સીવીલ હોસ્પિટલમાં બ્લડ બેંક સાવ ખાલીખમ પડી છે ત્યારે હોસ્પિટલના જરૂરીયાતમંદ તેમજ થેલેસેમીયા પીડીત બાળકો માટે નિ:શુલ્ક લોહી મળી રહે તે માટે સૌ પ્રયત્નશીલ બન્યા છે. સિવિલ હોસ્પિટલમાં સમગ્ર સૌરાષ્ટ્રનાં દર્દીઓ, થેલેસેમીયા પિડીત બાળકો સારવાર માટે આવતા હોય છે. આજે સિવીલ હોસ્પીટલના જરૂરીયાતમંદ દર્દીઓ તેમજ થેલેસેમીયા પીડીત બાળકોનાં લાભાર્થે, નસ્ત્રબેબીઝ કડીયા નવલાઈન કોર્નર, ઘી કાંટા રોડ ખાતે સાંજે ૮ થી રાત્રીના ૧૦-૩૦ વાગ્યા સુધી રકતદાન કરવામાં આવશે. આ તકે, સંસ્થાઓ, સોસાયટીઓ, સેવાભાવીઓ તાત્કાલીક સ્કતદાન કેમ્પ આયોજન કરે તો સીવીલ હોસ્પીટલ બ્લડ બેન્ક જે તે સ્થળેથી રક્તની બોટલો સ્વીકારવા આવશે. રક્તદાન કેમ્પની વિશેષ માહિતી માટે જયેશ કેસરિયા મો. ૯૬૨૪૮ ૫૩૪૫૩ નો સંપર્ક કરવા જણાવાયું છે.

# ગોંડલના મોવૈયા ગામે સાધુના વેશમાં ચોરી કરનાર બે ઈસમો ઝડપાયા

## હનુમાન મઢી પાસે નો બુટલેગર પાસા માં અમદાવાદ જેલમાં ધકેલાયા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગોંડલ તાલુકાના મોવૈયા ગામે સાધુના વેશમાં આવી સોનાની રુદ્રાક્ષની માળા અને રોકડ તથા મોબાઈલ મળી કુલ રૂપિયા ૪.૭ લાખના દાગીના ચોરી કરી જનાર બે શખ્સો ને ગ્રામ્ય એલસીબીલીટી મેં દબોચી લઈ કાર્યવાહી હાથ ધરી છે.




અંગેની માહિતી મુજબ ગ્રામ્ય એલસીબીના એસઆઈ રવિભાઈ બારડ રોહિતભાઈ અને પ્રકાશભાઈ પરમાર સહિતનો સ્ટાફ ગોંડલ ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ વાત વિના આધારે નેનો નાથ ઉર્ફે મુન્ના નાથ જયવરના સોલંકી રહે થાન સુરેન્દ્રનગર જિલ્લો અને સુરજનાથ ગવર્નર સોલંકી રહે વાંકાનેર નમના બે એ સમૂહને કાર નંબર લષ ૩ એચ કે ૯૪૩૯ માં નીકળતા અટકાયત કરી આ સક્ષોની આખરી પૂછપર જ કરતા આ બંને ઈસમોએ અગાઉ ગોંડલ તાલુકાના મોવૈયા ગામે સોનાની રુદ્રાક્ષની માળા અને મોબાઈલ ફોન સાધુના વેશમાં ચોરી કર્યા નહીં કબુલાત આપતા પોલીસે કાર સહિત રૂપિયા ૪.૭૫ લાખનો મુદ્દા માલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે. જ્યારે અન્ય બનાવમાં રાજકોટ ક્રાઈમ બ્રાન્ચ ની ટીમે હનુમાન મળી ચોક પાસે આવેલ રંગ ઉપવન સોસાયટી હીરા મણીનગર મફતિયામાં રહેતો. તો ફીક ઉર્ફે તોફ લો મહમદ સંગાથ નમનાર બુટલેગરને દબોચી લઈ તેના પાસે ના કાગડો તૈયાર કરી વળી કચેરીએ મોકલાવતા તેના પર શહેર પોલીસ કમિશનર બ્રિજેશકુમાર ઝાડ દ્વારા મોર લગાવી દેવામાં આવતા આ સક્ષને પાસામાં અમદાવાદ જેલમાં ધકેલી દેવામાં આવ્યો છે.


## જાહેર નોટીસ

શ્રી જામજોધપુરના મહે. એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં
વજભાઈ કારાભાઈ ભંડેરી, ઉ.વ.આ. ૪૨, ધંધો. ખેતી,
રહે. માંડાસણ, તા. જામજોધપુર, જી. જામનગર. ..........અરજદાર
વિરૂધ્ધ
જન્મ મરણ નોંધના રજી. શ્રી
તલાટી કમ મંત્રી શ્રી માંડાસણ, માંડાસણ ગ્રામ પંચાયત કચેરી,
તા. જામજોધપુર, જી. જામનગર........................સામાવાળા
અરજદારના વિદ્વાન વકિલ શ્રી ::- વિજય આર. ત્રાંબડીયા
વિષય :- જન્મ - મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ ૧૩(૩) હેઠળ મરણ નોંધ અંગેનો હુકમ થવા બાબત.

આથી જાહેર જનતા જોગ આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, આ કામના અરજદાર :- વજુભાઈ કારાભાઈ ભંડેરી, રહે. માંડાસણ, તા. જામજોધપુર, જી. જામનગર વાળાઓએ તેમના માતા સ્વ. શારદાબેન કારાભાઈ ભંડેરીનું મરણ તારીખ : ૦૬/૦૧/૨૦૨૧ ના રોજ ગામ માંડાસણ, તા. જામજોધપુર, જી. જામનગર મુકામે થયેલ હોવા અંગેની નોંધ સામાવાળા તેમના દફતરે કરી આપે તેવો હુકમ મેળવવા આ કોર્ટમાં અરજ કરેલ છે. વાસ્તે અરજદારની અરજી મંજુર થવા સામે જે કોઈ વ્યકિત કે શખ્સને કોઈ વાંધો કે તકરાર હોય તો આ જાહેર નોટીસ દૈનીક વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયે દિન થી ૩૦ દિવસમાં અત્રેની કોર્ટમાં સવારના ૧૧:૩૦ કલાકે વાંધા રજુ કરવા જાતે અથવા વિકલ મારફતે હાજર રહેવું. અન્યથા કાયદેસરનો હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજરોજ તારીખ : ૦૬ મી, માહે, નવેમ્બર ૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટનું શીલ કરી આપ્યુ.

(કે.સી. વાઘેલા)
મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જામજોધપુર


**MUKHYA SAMACHAR (DAILY EVENING)** Publisher, Editor, Printer & Owner : **RAJDEEPSINH MANOHARSINH ZALA,** Place of Publication : **4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat),** Printed At :**R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT**

